જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૧/૨૦૧૮ બુધવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૬/૧૮**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૬ કેસ કરી, ૧૯ વ્યક્તિઓને ઝડપી, ૧૩૧ લીટર દેશી દારૂ, ૭ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૩ બિયર ટીન કબજે કર્યા હતા. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૯ વ્યક્તિઓની અટક કરી રોકડ રૂપિયા ૧૫,૮૪૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૫૭/૧૮**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સીઆર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૩૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

**છેતરપીંડી અને વિશ્વાસઘાતઃ-** **સમાચાર યાદી નં.૧૫૮/૧૮**

**નવરંગપુરાઃ** હિતેશભાઇ ભુપેન્દ્રભાઇ સોની (રહે. આર્યવ્રત-૨, પ્રહલાદનગર ગાર્ડન સામે સેટેલાઇટ) એ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે આરોપી જયકાન્ત મહેશ્ર્વરી (રહે.કેસરનગર, માનસરોવર જયપુર) એ આઇ.ડી.બી.આઇ.બેંકના ખાતેદાર લખતરવાલા જવેલર્સ પ્રા.લી.નો ચેક મેળવી લઈ તેમાં રૂપિયા ૫,૮૫,૦૦૦/- રકમ ભરી, ખોટી સહી કરી, તા.૨૩/૧/૧૮ બપોરના ૧/૧૫ વાગ્યાના સુમારે તે ચેક આઇ.ડી.બી.આઇ. બેંક જોહરી બજાર બ્રાન્ચ જયપુર રાજસ્થાન બેન્કમાં જમાં કરાવી રૂપિયા ૩,૪૦,૦૦૦/- અન્ય બેન્કમાં ટ્રાન્સફર કરાવી પૈસા ઉપાડી લઇ, છેતરપીંડી અને વિશ્વાસઘાત કર્યો છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી સી.બી.રાઠોડ ચલાવે છે.

**નજર ચુકવી ચોરી :-** **સમાચાર યાદી નં.૧૫૯/૧૮**

**શાહીબાગઃ** લાલબહાદુર રઘુનાથ પાન્ડે (ઉ.વ.૫૨)(રહે.ગામ-ટીહીયા દિનાર તા-ખૈરા જિલ્લો-જમુઇ બિહાર) એ તા.૨૩/૧/૧૮ નારોજ શાહીબાગ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧/૧૮ ના કલાક ૮/૦૦ થી ૯/૦૦ વાગ્યા દરમ્યાન સિવિલ હોસ્પિટલ, કેન્સર હોસ્પિટલ ખાતે અજાણી વ્યક્તિએ લાલબહાદુરની નજર ચુકવી ખિસામાંથી પાકીટની ચોરી કરી લીધી હતી. જેમાં રોકડ રૂપિયા ૬૦,૦૦૦/-તથા જરૂરી કાગળો હતા. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.કે.મકવાણા ચલાવે છે.

**વાહન ચોરી :-** **સમાચાર યાદી નં.૧૬૦/૧૮**

**રામોલ**ઃ ભરતસિહ કાળુસિંહ ઝાલા (રહે.પાર્વતિનગર ટેકરા, મહાદેવનગર ટેકરાની બાજુમા વસ્ત્રાલ, રામોલ) એ તા.૨૨/૧/૧૮ રાતના કલાક ૦૦/૦૦ વાગે પોતાના ઘર નજીક પોતાની મહિંદ્રા બોલેરો પિકઅપ ગાડી નંબર જીજે.૦૭.વાય.ઝેડ.૨૨૧૬ કિમત રૂપિયા ૩,૦૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી સવારના ૫/૦૦ વાગ્યા દરમ્યાન થઈ હતી. આ અંગેની ફરીયાદ ભરતસિહ ઝાલાએ રામોલ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.ઓ.ભરવાડ ચલાવે છે.

**દાઝી જતા મૃત્યુઃ** **સમાચાર યાદી નં.૧૬૧/૧૮**

**મેઘાણીનગર**ઃ કલ્યાણસીંગ છોટેસીગ ભદોરીયા (ઉ.વ.૪૫) (રહે. જોગણીમાતાના મંદિર પાસે કુંભાજીની ચાલી રામેશ્વર મેઘાણીનગર) બીડી પીવાની ટેવવાળા હોવાથી તા.૨૩/૧/૧૮ સવારના કલાક ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે બીડી પીવા દિવાસળી સળગાવતા ગેસનો બાટલો લીકેઝ હોવાથી આગ લાગતા દાઝી ગયા હતા. સારવાર માટે તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા જ્યાં સારવાર દરમ્યાન સાંજના ૭/૪૫ વાગે તેમનું મૃત્યુ નિપજયું હતુઆ અંગે મેઘાણીનગર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ. શ્રી કે.આર.વસાવા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૬૨/૧૮**

રિવરફ્રંટ વેસ્ટઃ નલીમ ઉર્ફે રાજુ સન/ઓફ રમેશભાઇ પંચાલ (ઉ.વ.૨૪) (રહે. સરસ્વતીનગર સોસાયટી પુજા વિદ્યાલયની નજીક એક્સપ્રેસ હાઇવે રામોલ) એ આર્થિક સંકડામણને લીધે મનમાં લાગી આવતા તા.૨૩/૧/૧૮ કલાક ૭/૫૦ વાગ્યા પહેલા બાબા લવલની દરગાહની પાછળ, રીવરફ્રન્ટ વોક-વે પગથીયા નંબર-૩૨ નજીક નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી આ અંગે રિવરફ્રંટ વેસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી હસમુખભાઇ મગનભાઇ ચલાવે છે.

**રામોલ**ઃ કીર્તીબહેન ડો/ઓફ વિનોદભાઇ સિધ્ધપુરા (ઉ.વ.૧૯) (રહે. રઘુલીલા રેસીડેન્સી તનમનભાજી પાઉ સામે વસ્ત્રાલ) એ અગમ્ય કારણસર તા.૨૩/૧/૧૮ સવારના ૧૦/૧૫ વાગ્યાના સુમારે પોતાના ઘરે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતીઆ અંગે રામોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ચૌધરી ચલાવે છે.

**વટવા**ઃ હેમંતભાઇ સ/ઓ દિલિપકુમાર શાહ (ઉ.વ.૨૫) (રહે.વિનોબાભાવેનગર તાલુકો-દસ્ક્રોઇ) એ અગમ્ય કારણસર તા.૨૨/૧/૧૮ બપોરના ૧૨/૦૦ વાગ્યાના સુમારે રોપડા બ્રીજ ઉપરથી પડતુ મુકતા જીવતા વિજ તાર ઉપર પડતા વિજ કરંટ લાગ્યો હતો ત્યારબાદ નીચે પડતા ગંભીર ઈજાઓ થતા તેમનુ મોત નિપજયું હતુ આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો. શ્રી રમેશભાઇ મુળજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.